
બેલે, અંતિમ ખચ્ચર

નાગરિક અધિકારો ની વાર્તા

કેલ્વિન રામસે



બેલે, અંતિમ ખચ્ચર

નાગરિક અધિકારો ની વાર્તા


એલેક્સેક બેંચ પર બેસીને એની માઁ ને આવવાની રાહ જોઈ રહ્યો હતો. એણે સામેના બગીચા માં એક ખચ્ચર ને લીલોતરી ખાતા જોયું. જયારે મિસ પેફ્વે એલેક્સ પાસે આવી ને બેઠી તો એણે એના વિષે પૂછ્યું. "એ ખચ્ચર બેલે?" એણે કહ્યું. "એ ચાહે તેટલી લીલોતરી ખાઈ શકે છે. એણે એ રળી લીધું છે."

તો અહીં ગીસ-બેંડ, અલાબામા માં શરુ થાય છે બેલે ખચ્ચર ની વાર્તા. બેલે એક સાધારણ ખચ્ચર હતું અને 1960 ના નાગરિક અધિકાર આંદોલન માં એણે એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ વાર્તા વાસ્તવિક ઘટનાઓ પર આધારિત છે. ડો. માર્ટિન લૂથર કિંગ જુનીયર ના ભાષણ થી પ્રેરિત થઈ ને, નિર્ધન સમુદાય ના આફ્રિકી અમેરિકીઓ એ અધિકારીઓ ના આદેશ ની અવજ્ઞા કરીને પોતાને મત આપવા માટે પંજીકૃત કર્યા. મત આપવા માટે એમણે ખચ્ચરો એ ખેંચેલી વેગનો માં મુસાફરી કરી. ડો. કિંગ ની હત્યા બાદ, ગીસ-બેંડ ના બે ખચ્ચરો એ એટલાન્ટા ની સડકો પર ડો. કિંગ ની શબપેટી રાખેલી વેગન ને ખેંચી.

જયારે એ યુવાન છોકરા એ સૌમ્ય બેલે ની આંખો માં જોયું, ત્યારે એને વ્યક્તિગત રીતે એના સમાજ નો ઇતિહાસ સમજાયો. વાચકો ને પણ સમજાશે.

બેલે, અંતિમ ખચ્ચર

નાગરિક અધિકારો ની વાર્તા





એલેક્સેક સ્ટોર ની બહાર બેંચ પર બેઠો હતો. એ રમવા જવા ઈચ્છતો હતો, પણ માઁ એ એને રાહ જોવાનું કહ્યું હતું. ત્યાં બેઠા-બેઠા કરવા માટે એલેક્સ પાસે કંઈ ન હતું. ત્યાં એણે સડક ને પાર બગીચા માં, એક બુઢ્ઢા ખચ્ચર ને ચરતા જોયો. હવા એકદમ ચૂપ હતી. ચિનાબેરી ના ઝાડ નું એક પણ પાંદડું હલતું નહોતું. એટલો સન્નાટો હતો કે એલેક્સ ખચ્ચર નો બગીચા માં હરિયાળી ચાવવાનો અવાજ સાંભળી શકતો હતો. વચ્ચે-વચ્ચે ખચ્ચર એના મુરઝાયેલા કાનો થી માખીઓ પણ ઉડાડતો હતો.

ત્યારે એક વૃધ્ધા ધીરે-ધીરે લાકડા ની સીડીઓ ચઢી ને દુકાન સુધી પહોંચી અને એલેક્સ ની બાજુ માં બેન્ચ પર બેસી ગઈ. એણે એક ઘડી વાળેલા છાપા થી પોતાને પંખો નાંખ્યો. એલેક્સે એને આંખ ના ખૂણા થી જોયા. એ વૃધ્ધા પણ ખચ્ચર ને જોઈ રહી હતી.

વૃધ્ધા મલકાઈ અને પછી નરમ સ્વર માં કહ્યું, "મને મસાલેદાર લીલી ભાજી સરકો અને માંસ સાથે પસંદ છે."

એલેક્સે સ્મિત કર્યું.

"હું બસ વિચારી જ રહી હતી કે એ બુઢઢું ખચ્ચર ફક્ત લીલોતરી જ કેમ ખાઈ શકે છે," મહિલા એ કહ્યું.

"શું એને એ ખાવા ની અનુમતિ છે? મારો મતલબ છે કે કોઈ ના બગીચા ની હરિયાળી એ આવી રીતે કેમ ખાઈ શકે?" એલેક્સે પૂછ્યું.





"વૃદ્ધ બેલે! એ એની ઈચ્છા પ્રમાણે જેટલી ચાહે તેટલી લીલોતરી ખાઈ શકે છે. એણે એ રળી લીધું છે." મહિલા એ એલેક્સ ને જોતા કહ્યું, "જો, મેં જ એ ખચ્ચર ને ઢીલો છોડયો છે. અને એ મારો જ બગીચો છે. મેં વિચાર્યું કે થોડી વાર છાયા માં આરામ કરીશ, અને પછી એને બહાર ભગાવી દઈશ."


"પણ મેડમ, તમે એ ખચ્ચર ને તમારી લીલી વનસ્પતિ કેમ ખાવા દો છો?"

" બેટા, મારુ નામ મિઝ પેટ્વે છે," મહિલા એ કહ્યું. "તારું નામ શું છે?"

"હું એલેક્સ છું," છોકરા એ જવાબ આપ્યો.

"ઠીક છે, એલેક્સ, મારા બગીચા માં અમારા બંને માટે પર્યાપ્ત લીલોતરી છે. અને બેલે એક બહુ વિશેષ ખચ્ચર છે. એ ગીસ-બેંડ નો હીરો છે. હું એનું સન્માન કરવા ચાહું છું."

"એ વૃદ્ધ ખચ્ચર વિષે શું ખાસ છે?" એલેક્સે ઉભા થતા પૂછ્યું.



એ મહિલા એ એક ઊંડો શ્વાસ લીધો. "આ એક લાંબી વાર્તા છે. જો તારી પાસે થોડો સમય હોય તો હું તને બતાવી શકું છું."


એલેક્સ અચકાયો. એને થયું કે એ એક પાગલ વૃદ્ધ મહિલા છે. પણ એને કુતૂહલ હતું, અને એને કંઈ ખાસ કામ પણ ન હતું.

"ગીસ-બેંડ હંમેશા થી ગરીબ હતું," મહિલા એ શરુ કર્યું. "અહીં ખેતી સિવાય કંઈ નહોતું. ખેતરો માં હળ ચલાવવા અમને હંમેશા ખચ્ચરો ની જરૂરત પડતી હતી. અમરામાંથી બહુ ઓછા લોકો ગાડી ખરીદી શકતા હતા."

"તો લોકો બજાર-હાટ કેવી રીતે જતા હતા?" એલેક્સે પૂછ્યું.


"અમે લોકો પોતાને બેન્ડર્સ કહીયે છીએ - અને અહીં-તહીં જવા માટે અમે ખચ્ચરો નો ઉપયોગ કરતા હતા. બેલે અમારી સાથે ઘણા વર્ષો થી છે. એ અમારી સાથે ત્યારે પણ હતું જયારે ડો. માર્ટિન લૂથર કિંગ અહીં ભાષણ આપવા આવ્યા હતા. આ 1965 ની આસ-પાસ ની વાત છે."

"મને સ્કૂલ માં થી ડો. માર્ટિન લૂથર કિંગ વિષે ખબર છે! શું તમે એને ક્યારેય મળ્યા છો?" એલેક્સે પૂછ્યું.



"હા બિલ્કુલ! એ રાતે એક ભયાનક તોફાન આવ્યું હતું. ઘણા લોકો ને લાગ્યું કે ડો. કિંગ અમારા જેવા ગરીબ લોકો ને મળવા નહીં આવે. મેં બેલે સાથે અહીં થી થોડી જ દૂરી પર એમની રાહ જોઈ. અંત માં અડધી રાત પછી જ ડો. કિંગ અહીં પહોંચ્યા. પણ એ રાતે એણે અમારા બધા સાથે વાત કરી. એણે પ્લેસન્ટ ગ્રોવ બાપટિસ્ટ ચર્ચ માં અમને એક જોરદાર ભાષણ આપ્યું!"

"એમણે શું કહ્યું?" એલેક્સે પૂછ્યું.



"ઠીક છે, એ દિવસો માં અમને કેમડેન જવા માટે એક હોડી માં નદી પાર કરવી પડતી હતી. કેમડેન માં થોડી દુકાનો હતી અને નોકરી પણ. ડો. કિંગે અમને હોડી માં કેમડેન જઈને મત માટે પંજીકરણ કરવા કહ્યું. 'આઝાદી માટે નદી પાર કરો!' એમણે સંદેશ આપ્યો. 'ભલે આપણે માટી સાથે કામ કરવાવાળા ગરીબ ખેડૂત, ગુલામો ના વંશજ છીએ, અને આપણી પાસે વજન ઉંચકવા ફક્ત ખચ્ચર છે,' એમણે કહ્યું, 'હું ગીસ-બેંડ આવ્યો છું - તમને એ બતાવવા કે તમારો પણ એક અધિકાર છે!' ડો. કિંગે જણાવ્યું કે અમારા જેવા અશ્વેત લોકો ને પણ મત આપવાનો અધિકાર છે."

"શું તને ખબર છે એલેક્સ, એ સમયે વિલકોક્સ કાઉન્ટી માં કોઈ પણ અશ્વેત વ્યક્તિ એ ક્યારેય પણ મત આપવાની હિમ્મત કરી નહોતી."

"શું તમને મત આપવા નો ડર લાગતો હતો?" એલેક્સે પૂછ્યું.



મિસ પેટ્વે એ ઊંડો શ્વાસ લીધો અને એક પળ માટે વિચાર્યું. "ડો. કિંગ ની વાતો પછી અમે ભયભીત ન હતા. અમે અમારી જાત ને અમારા ખચ્ચર જેટલા મજબૂત મહેસૂસ કરી રહ્યા હતા. અને અમે એજ કર્યું જે ડો. કિંગે અમને કરવા કહ્યું હતું. એટલા બધા લોકો મત માટે પંજીકરણ કરવા ગયા કે અમારી નાની હોડી ડૂબવા લાગી. થોડા બેન્ડર્સ, ડો. કિંગ સાથે સેલ્મા, મોન્ટગોમેરી, બર્મિંગહામ અને વોશિંગ્ટન ના મોરચા માં ભાગ લેવા ગયા. બેન્ડર્સ પણ ખચ્ચરો ની જેમ નિષ્ઠાવાન હોય છે," મિસ પેટ્વે એ કહ્યું.

"અમે સ્કૂલ માં એ મોરચાઓ વિષે વાંચ્યું છે!" એલેક્સે ઉમેર્યું.

"બહુ સારું. પણ અમે જે કર્યું એણે કેમડેન ના ગોરા લોકો ને અવશ્ય ડરાવ્યા હશે, કેમકે ગોરા લોકોએ તુરંત નાવ ની સેવા બંધ કરી દીધી. ગોરો શેરિફ બદમાશ હતો અને એ અમને એની ઔકાત દેખાડવા માંગતો હતો. એણે સંવાદદાતાઓ ને કહ્યું, "અમે નૌકા એટલે બંધ નથી કરી કે એ લોકો કાળા છે. અમે નૌકા એટલે બંધ કરી કેમકે એ લોકો ભૂલી ગયા કે એ કાળા છે."



"પછી જયારે મત આપવાનો સમય આવ્યો, ત્યારે અમારી પાસે નદી પાર કરવાનો કોઈ ઉપાય નહોતો. પણ હવે અમને કોઈ રોકી શકતું નહોતું. બેન્ડર્સ વૃધ્ધ બેલે જેવાજ હતા - ધૂની નહીં, પણ મજબૂત, અડગ અને જિદ્દી હતા! અમે થોડા લોકો ને ગાડીઓ માં જેટલા સમાય એટલા બેસાડયા.



બાકી લોકો ને ખચ્ચરો વેગન માં લઈ ગયા. મત આપવાના દિવસે લોકો, નદી ની પરિક્રમા કરીને કેમડેન પહોંચ્યા. ત્યાં પહોંચતા એમને અડધો દિવસ થઈ ગયો, પણ એ કામ ખરેખર કરવા લાયક હતું. લોકો એ ગીતો ગાયા અને તાળીઓ પાડી. કેમડેન ના લોકો એ જોઈ ને હેરાન થઈ ગયા."

"તમે એમને દેખાડયું!" એલેક્સે હસતા કહ્યું, "શું આ કારણ થી બેલે એક હીરો છે?"



"હજી ઘણું બધું બાકી છે. મત આપવા ને કારણે ઘણા લોકો એ કેમડેન માં પોતાની નોકરી ખોઈ દીધી. વસ્તુઓ ખરાબ થઈ ગઈ. નોકરી વગર, ખાવા માટે પૈસા ન હતા. એટલે અમારા માં થી થોડા આલ્બર્ટા માં "ફ્રીડમ ક્વિલટિંગ બી" માં શામેલ થયા. પછી અમે અમારી સામુહિક રજાઈ બનાવવાની કંપની શરુ કરી. જો, ગીસ-બેન્ડ ની મહિલાઓ એ હંમેશા થી રજાઈ બનાવી છે. દુનિયા ની સૌથી સુંદર રજાઈઓ અહીં જ બને છે. થોડા સમય માં અમારી રજાઈઓ પૂરા અમેરિકા માં વેચાવા લાગી. ધીરે-ધીરે અમે પ્રસિદ્ધ થઈ ગયા."

"એટલે આજે હું અહીં છું! આજે મારી માઁ એક રજાઈ ખરીદવા આવી છે," એલેક્સે સમજાવ્યું. "આ એનો એક સુખદ અંત છે, કેમ?"




"પણ આ બેલે માટે વાર્તા નો અંત નથી," મિસ પેટ્વે એ નરમ અવાજે કહ્યું. "એલેક્સ, 1968 માં ચોથી એપ્રિલે શું થયું? શું એ વિષે તે સ્કૂલ માં વાંચ્યું છે?"

એલેક્સે મિસ પેટ્વે ની આંખો માં જોયું. એ બહુ દુઃખી લાગી રહી હતી. "એ દિવસે ડો. કિંગ ને ગોળી વાગી હતી, નહીં?" એમણે પૂછ્યું, અને પહેલી વાર એલેક્સે પોતે પણ ઉદાસી મહેસૂસ કરી.

"હા, ગીસ-બેન્ડ માં બધા દુઃખી હતા." મિસ પેટ્વે એ ઊંડો શ્વાસ લીધો અને પછી વૃક્ષો તરફ જોયું. સહેજ હવા પાંદડાઓ ને હલાવી રહી હતી.

"અમને એક ફોન આવ્યો, જેમાં ડો. કિંગ ના અંતિમ સંસ્કાર દરમ્યાન એટલાન્ટા ની સડકો પર એમની શબપેટી ને ખેંચવા અમારા ખચ્ચરો ને બોલાવવામાં આવ્યા હતા. તેઓ ને શણગારેલા ઘોડાઓ ને બદલે અમારા ખચ્ચરો નો ઉપયોગ કરવો હતો. ખચ્ચર પોતાનો સમય લેય, ખૂબ મહેનત કરે અને ક્યારેય હાર ન મને. ખચ્ચર સુંદર નથી હોતા, પણ એમનું પણ એક વજૂદ હોય છે! આ અમારે માટે બહુ સન્માન ની વાત હતી કે ડો. કિંગ ના અંતિમ સંસ્કાર દરમ્યાન બેન્ડર્સ ના ખચ્ચરો નો ઉપયોગ કરવામાં આવે."



"બેલે અને એડા નામના ખચ્ચર ને એટલાન્ટા માટે એક ટ્રક માં લોડ કરવામાં આવ્યા. પણ હંમેશ ની જેમ, આ કામ સહેલું ન હતું. રાજ્ય પોલીસે ટ્રક ને રોકી અને ડ્રાઈવર ને જાનવરો ને રાજ્ય ની બહાર લઈ જવાની પરમિટ દેખાડવા કહ્યું. સરખા કાગળિયા ન હોવાને કારણે પોલીસે ડ્રાઈવર ને ગિરફ્તાર કરવાની ધમકી આપી."

"અમે એટલાન્ટા માં ડો. કિંગ ના મુખ્યાલય માં આ ખબર આપી, અને એમણે તુરંત રાજ્ય પોલીસ, અલાબામા અને જેયોર્જિયા ના રાજ્યપાલો સાથે વાત કરી. એમણે કહ્યું કે જો અમારા ખચ્ચરો ને શબપેટી ખેંચવામાં પોલીસે રોક્યા, તો આખા દેશ માં સમાચારો અને ટીવી પર આ વાત બહુ શર્મનાક લાગશે. એ પછી, સૈનિકો એ અમારી બેલે અને એડા ને એટલાન્ટા માં પ્રવેશ કરાવ્યો."

"શું બેલે એ ડો. માર્ટિન લૂથર કિંગ ની શબપેટી ખેંચી?"એલેક્સે પૂછ્યું.



"હા, બેલે અને એડા એ બહાદુરી થી સાડા ત્રણ માઈલ સુધી ડો. કિંગ ની શબપેટી ખેંચી. એ લાખો શોકાતુર લોકો વચ્ચે થી નીકળ્યા. જેમ-જેમ શબવાહિની આગળ વધી, લોકો બહાર નીકળ્યા અને એમણે ખચ્ચરો અને શબપેટી ને હાથ લગાડયા. કલ્પના કર, એ ખચ્ચરો ને હજારો હાથો અડયા! પણ એ ધીમે અને સ્થિર થઈને ચાલ્યા. ન એ પાછા હટ્યા કે ન ડર્યા. એ બસ ચાલતા રહ્યા."

"ડો. કિંગ ના અંતિમ સંસ્કાર ને દુનિયા ના બધા ટીવી ચેનલ પર દેખાડવામાં આવ્યા. એબનેઝેર બાપ્ટીસ્ટ ચર્ચ આસપાસ સાઠ હાજર લોકો ભેગા થયા, અને હજારો લોકો એ સડકો પર લાઈન લગાવી. અમને પોતાના ઉપર બહુ ગર્વ થયો! અને એજ કારણ છે કે અમે ગીસ-બેન્ડ માં અમારા આખરી ખચ્ચર ને બહુ પ્રેમ કરીયે છીએ. એટલે હું બુઢ્ઢી બેલે ને પેટ ભરીને મારા બગીચા ની લીલોતરી ખાવા દઉં છું."



એલેક્સ અને મિસ પેટ્ટવે એ બુઢ્ઢી બેલે ને જોઈ. એણે વાગોળવાનું બંધ કરી દીધું અને એમની સામે જોયું. પછી એ બંને હસી પડયા.

"જો, હવે એનું પેટ ભરાઈ ગયું છે," મિસ પેટ્ટવેએ ધીરે-ધીરે ઉભા થતા કહ્યું. "શું તું એને મળવા ચાહીશ?"

"હા, મેડમ." એલેક્સ સીડી થી નીચે ઉતર્યો અને બેલે પાસે ગયો. ત્યાં જઈને એણે બેલે ના રુંવાટીવાળા કાનો ને સહેલાવ્યા. એલેક્સે ખચ્ચર ની આંખો માં જોયું અને અચરજ કર્યું કે એ ખચ્ચરે કેટલો મહત્વપૂર્ણ ઇતિહાસ જોયો હશે. એલેક્સે કહ્યું, "મને બેલે વિષે જણાવવા માટે તમારો આભાર."

"હવે તને ડો. કિંગ ના કહેવાનો મતલબ સમજાયો હશે. એણે અમને કહ્યું હતું કે ભલે અમે સરળ, મુશ્કેલ જીવન જીવતા હોઈયે, પણ અમારું પણ એક વજૂદ છે," એમણે કહ્યું.

"ત્યાં સુધી કે એક બુઢ્ઢું ખચ્ચર પણ હીરો બની શકે છે," એલેક્સે કહ્યું. મિસ પેટ્ટવે એ સ્મિત કર્યું અને પછી એ બેલે ને એની પાછળ દોરીને દૂર ચાલી ગઈ.



લેખક ની નોંધ

મેં પહેલી વાર રેવરેન્ડ જેમ્સ ઈ. ઓરેન્જ પાસેથી બેલે ની વાર્તા સાંભળી. જયારે નાગરિક અધિકાર નેતા ડો. માર્ટિન લૂથર કિંગ જૂનિયર ની એપ્રિલ 4, 1968 ના દિવસે હત્યા થઈ ત્યારે એ એમની સાથે જ કામ કરી રહ્યા હતા. ડો. કિંગ ની ઈચ્છા હતી કે જે ખચ્ચર ખેતર માં હળ ચલાવે છે એજ એમની શબપેટી ને ખેંચે. એમણે જીવનભર ગરીબ અશ્વેત લોકો ના જીવન ને વધારે સારું બનાવવા કામ કર્યું હતું. ખચ્ચર એ લોકો નું એક શક્તિશાળી પ્રતીક હતું.

રેવરેન્ડ ઓરેન્જ ને ખચ્ચરો ને શોધવાનું કામ આપવામાં આવ્યું હતું. એને યાદ હતું કે ડો. કિંગે ઘણી વાર ગીસ-બેન્ડ માં લોકો ને ભાષણ આપ્યા હતા અને ત્યાં ના લોકો અન્ય સ્થાનો પર એની સાથે મોર્ચા માં પણ શામેલ થયા હતા. તેઓ જાણતા હતા કે ડો. કિંગ લાંબા સમય થી બેન્ડર્સ ના પ્રશંસક હતા અને બેન્ડર્સ સરળ લોકો હતા જેઓ એ અનેક મુશ્કેલ સમસ્યાઓ નો સામનો કર્યો હતો.

ગીસ-બેન્ડ અને ત્યાં ના ખચ્ચર ડો. માર્ટિન લૂથર કિંગ જુનિયર ના ઇતિહાસ માં એક મોટી ભૂમિકા નિભાવશે, જેવી ભૂમિકા ડો. કિંગે ત્યાંના લોકો ની જિંદગી માં નિભાવી હતી. વાસ્તવમાં, 1965 ના નેશનલ વોટિંગ રાઈટ્સ એક્ટ ના પસાર થવા બાદ પોતાનો મત આપવાવાળા પહેલા આફ્રિકી અમેરિકી માં કેમડેન, અલાબામા ના લોકો હતા. થોડા વર્ષો બાદ, કેમડેને વીસમી સદી ના પહેલા અશ્વેત શેરિફ ને ચૂંટ્યા.

જયારે ડો. કિંગ ની હત્યા ના ખબર આવ્યા, ત્યારે બેન્ડર્સ બે ખચ્ચર મોકલવા તૈયાર થઈ ગયા - બેલે અને એડા ને. જાનવરો ને એક પીકઅપ ટ્રક માં ચઢાવવામાં આવ્યા. પણ યાત્રા ની શરૂઆત માં જ ટ્રક ને રાજ્ય ની સીમા પર રોકવામાં આવી. જયારે ડ્રાઈવર પશુ ઓ ને લઈ જવાની પરમિટ ન દેખાડી શક્યો તો એને એટલાન્ટા જવાની અનુમતિ ન મળી.

સહાયતા માટે અલાબામા અને જેયોર્જિયા ના રાજ્યપાલો ને ડો. કિંગ ના કર્મચારીઓ એ ફોન કર્યા. અંતિમ સંસ્કાર માં એનાથી મોડું થશે એ ખબર પડતા અને એને રાષ્ટ્રીય સમાચાર બનાવવાની ધમકી મળતા, બંને રાજ્યપાલ રાજી થયા અને એમણે બેન્ડર્સ ના ખચ્ચરો ને એટલાન્ટા જવાની અનુમતિ આપી.

9 એપ્રિલ 1968 ના બેલે અને એડા એ એબનેઝેર બાપ્ટિસ્ટ ચર્ચ થી મોરહાઉસ કોલેજ સુધી ધીમે-ધીમે વિનમ્રતા થી ડો. કિંગ ની શબપેટી ના વેગન ને ખેંચ્યું. ત્યાં ડો. કિંગ ના એક શિક્ષક રેવરંડ બેન્જામિન મેસે ડો. કિંગ ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. અનુમાન છે કે પચાસ હજાર લોકોએ એ વેગન ની પાછળ ચુપચાપ સરઘસ કાઢ્યું. બેલે અને એડા એ પોતાની ભૂમિકા સારી રીતે નિભાવી.

